## મે. જુનાગઢ ખાતેના વર્કમેન કોમ્પેન્સેશન કમિશનરશ્રી સમક્ષ, જુનાગઢ

**વ.કો.(ફેટલ) અરજી નં.૦૫/૨૦૨૬**

**અરજદારો** :– ગુજરનાર ગોવિંદભાઈ બચુભાઈ વાઢેળના વારસો અને આશ્રિતો,

૧) ગીતાબેન ગોવિંદભાઈ વાઢેળ,
ઉ.વ.૪૫, ધંધો: ઘરકામ/મજુરી,

૨) ખુશાલીબેન ગોવિંદભાઈ વાઢેળ,
ઉ.વ.૨૦, ધંધો: અભ્યાસ,

૩) સગીર રાધિકાબેન ગોવિંદભાઈ વાઢેળ,
ઉ.વ.૧૬, ધંધો: અભ્યાસ,

૪) સગીર નિશાબેન ગોવિંદભાઈ વાઢેળ,
ઉ.વ.૧૪, ધંધો: અભ્યાસ,

૫) સગીર દક્ષ ગોવિંદભાઈ વાઢેળ,
ઉ.વ.૧૧, ધંધો: અભ્યાસ,

અરજદાર નં.૧ ના પોતે જાતે તથા નં.૩ થી ૫ સગીરના માતા વાલી દરજ્જે
રહે. તમામ વિરાટનગર સોસાયટી, તા.કોડીનાર,
ગીર–સોમનાથ.

**વિરુધ્ધ**

**સામાવાળા** :– યુનિટી સિમેન્ટ પ્રાઈવેટ લી.,
થ્રુ.ચેરમેનશ્રી અને એમ.ડી.શ્રી,
ઠે.હેડ ઓફીસ, નાઈન સ્કેવર, એ/૮૦૫, નાના મવા,
મું. રાજકોટ–૩૬૦૦૦૫.

**બાબત :** કામદાર વળતર ધારા અધિનિયમ હેઠળ વળતર અરજી.

અરજદારો તરફે : વિ.વ.શ્રી એન.એસ.પંડયા
સામાવાળા તરફે : વિ.વ.શ્રી એ.કે.સોલંકી

**<u>સામાવાળા તરફે પ્રાથમિક મુદા બાબતની આંક–૧૧ ની અરજી લગત હુકમ</u>**

**(૧)** સામાવાળાએ હાલની આંક–૧૧ ની અરજી કરી રજુઆત કરેલ છે કે, અરજદારે હાલનો કેસ વ.કો.એકટ હેઠળ કરેલ છે પરંતુ તેઓની સંસ્થાને આ કાયદો લાગુ પડતો ન હોવાથી દાવો રદ કરવા અરજ કરેલ છે. વધુમાં તેઓની સંસ્થા ધી એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટ ૧૯૪૮ હેઠળ કવર થતી હોય, ઈ.એસ.આઈ.કોર્પોરેશન આ કામે જરૂરી પક્ષકાર છે જેથી

તેમની સામે કેસ દાખલ કરવો જોઈએ પરંતુ ઈ.એસ.આઈ.ની સામેના તમામ કેસો ચલાવવાની સતા અને હકુમત નામદાર ઔધોગિક અદાલતને જ હોય, હકુમતના કારણે હાલનો કેસ રદ થવા પાત્ર છે આ સાથે તેમની સંસ્થાનો ઈ.એસ.આઈ કાયદા હેઠળનો નોંધણી નંબર દર્શાવતો પત્ર પક્ષકારોનુ કોટ્રીબ્યુશન જમા કરાવ્યાનુ પરિશિષ્ટ તેમજ ઈ.એસ.આઈ કાયદાની કલમ–૫૩ તથા કલમ–૬૧ રજુ છે જે મુજબ કોઈપણ કાયદા મુજબ વળતરનો દાવો થઈ શકતો નથી તેથી પણ હાલનો દાવો રદ કરવા અરજ કરેલ છે. જેથી આ અંગેનો પ્રાથમિક મુદો ઘડી પ્રથમ નિર્ણય કરવા રજુઆત કરેલ છે.

(૨) જયારે અરજદારો તરફે હાલની અરજીના આંક–૧૨ થી વાધાંઓ રજુ કરી જણાવેલ છે કે, અરજદારો કાયદા મુજબ એમ્પ્લોઈ કમ્પેનસેશન એકટ તળે અરજી કરવા હકકદાર હોય તેમજ પુરતા પુરાવા રજુ કરેલ ન હોય જેથી અરજી રદ થવાને પાત્ર છે. વર્કમેન કમ્પેન્સેશન એકટ એ સ્ટેચ્યુટરી કાયદો છે કામદાર અને માલીકના સંબંધો પુરવાર થાય, ઈજા–ડેથ થાય તો કાયદા મુજબ કામદાર માલીક પાસેથી વળતર મેળવવા હકકદાર છે અને સામાવાળાને પણ આ કાયદા લાગુ પડે છે જેથી રજુઆત ગેરકાયદેસર છે તેઓની સંસ્થા ઈ.એસ.આઈ.નીચે કવર થાય કે કેમ ? તેનો પુરતો પુરાવો રજુ નથી, અકસ્માત અંગેની તેઓને જાણ છે છતા અરજદારોને વળતર આપવા માટે કાયદા મુજબ સામાવાળએ કોઈ પ્રોસીઝર કરેલ નથી એટલુ જ નહી આ કાયદા મુજબ સંસ્થા અને કામદાર બંન્ને આ સ્કીમ નીચે રજીસ્ટર્ડ હોવા જોઈએ, કામદાર રજીસ્ટર્ડ ન હોય તો સ્ટેચ્યુટરી વર્કમેન એકટ લાગુ પડે તેઓની જાણ મુજબ ગુજરનાર કામદાર ઈ.એસ.આઈ. નીચે રજીસ્ટર્ડ થયેલ છે કે કેમ તે પુરાવો રજુ નથી. આ સંજોગોમાં સામાવાળા સામે વળતરની અરજી કરવામાં આવે ત્યારે વર્કમેન કોમ્પેન્સેશન એકટ મુજબ કાર્યવાહી કરવાની થાય છે, ઈ.એસ.આઈ એકટ લાગુ પડે નહી જેથી આ વર્કમેન કોમ્પેન્સેશન અરજીને ઈ.એસ.આઈ. એકટમાં જણાવ્યા મુજબનો કોઈ બાધ નડતો નથી વધુમાં ઈ.એસ.આઈ. સ્કીમએ કામદારને વેલફેર માટેની સ્કીમ છે, જેમા કામદાર અને માલીકનુ પણ કોન્ટ્રીબ્યુશન હોય છે આ એક પેન્શનની સ્કીમ છે કામદારે તે સ્કીમમાં રજીસ્ટર્ડ થવા માટે ઓછામાં ઓછુ બે વર્ષનુ કામદારનુ કોન્ટ્રીબ્યુશન હોવુ જરૂરી છે જેથી

ગુજરનાર કામદાર આ સ્કીમ નીચે રજીસ્ટર્ડ થયેલ છે કે કેમ તેનો પુરાવો રજુ નથી. જેથી વર્કમેન અરજી રદ થવા પાત્ર છે. વધુમાં સામાવાળાએ દસ્તાવેજી લીસ્ટથી ઈ.એસ.આઈ નીચે રજીસ્ટર થયેલ છે તેની નકલ રજુ કરેલ છે ગુજરનાર કામદાર ઈલીજીબલ છે રજીસ્ટર્ડ છે તેવો કોઈ પુરાવો સામાવાળાએ રજુ કરેલ નથી એટલુ જ નહી સામાવાળાને આ બનાવની જાણ હોવા છતા ઈ.એસ.આઈ એકટ મુજબની કોઈ કાર્યવાહી પણ કરેલ નથી. જેથી ઈ.એસ.આઈ.એકટ નીચે રજીસ્ટર્ડ કામદારને વળતર કે પેન્શન અપાવવા માટેની કોઈ કાર્યવાહી માલીકે એટલે કે સામાવાળાએ કરવાની હોય છે સ્વાભાવીક રીતે આ કાયદો ઈ.એસ.આઈ. એકટની નીચે આ ગુજરનાર કામદાર લાભાર્થી નથી તેથી કોઈ કાર્યવાહી કરેલ નથી. વધુમાં ઈ.એસ.આઈ. એકટની કલમ–પ૩ માં ઈનસ્યોર્ડ પર્શન અને તેના ડીપેન્ડન્ટ શબ્દ છે. જયારે ગુજરનાર ઈન્સ્યોર્ડ હતા જ નહી ત્યારે આ કલમનો બાદનો પ્રશ્ન નથી એટલુ જ નહી આ કામના સામાવાળાએ જાહેર કરેલ કોન્ટ્રાકટર પાસેથી વળતર મેળવવા અરજદારો હકકદાર છે ત્યારે બંનેની સંયુકત તથા વિભકત જવાબદારી થાય ત્યારે આ કાયદાનો બાધ નડતો નથી. તેમજ કલમ–૬૧ માં સ્પષ્ટતા છે કે આ કાયદો એટલો વાઈડ નથી જેથી ત્રાહીત પાસેથી વળતર મેળવી શકે નહી, આ કીસ્સામાં સામાવાળા પ્રિન્સીપલ તરીકે તથા જાહેર કરેલ કોન્ટ્રાકટર પાસેથી વળતર મેળવવા અરજદારો હકકદાર છે જેથી વર્કમેન અરજી ટકવા પાત્ર છે. આમ, સામાવાળાએ હાલની અરજીના ગુજરનાર કોઈ કોન્ટ્રીબ્યુશન અંગે કોઈ પત્રક કે પુરાવો રજુ કરેલ નથી જે મહત્વનુ છે જેના વગર સામાવાળાની તકરાર ટકી શકે નહી. આમ, કાયદાની કલમ–પ૩ તથા કલમ–૬૧ ના અર્થઘટન મુજબ પણ સામાવાળાની અરજીની તકરાર આ કલમ હેઠળ પડતી નથી તેમજ ગુજરનાર સદર કાયદાની કલમ–૨(૧૪) ની જોગવાઈઓ મુજબ ઈન્સ્યુર્ડ હતા કે કેમ તેવો કોઈ પુરાવો સામાવાળાએ રજુ કરેલ નથી જેથી અરજી રદ થવાને પાત્ર છે.

(૩) સામાવાળા તરફે વિ.વ.શ્રી એ.કે.સોલંકીએ આંક–૧૩ થી લેખીત દલીલો રજુ કરેલ છે તથા તેમની દલીલોના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાની નકલ રજુ કરેલ છે.

(૪) અરજદાર તરફે વિ.વ.શ્રી એન.એસ.પંડયાએ મૌખીક દલીલ કરેલ છે જે સાંભળી.

(૫) સદર કામનુ રેકર્ડ તથા અરજી અને અરજીના જવાબ અને દલીલો ઘ્યાને લેતાં, હાલનો

અરજીને એ ઈ.એસ.આઈ કાયદાનો બાધ નડે છે કે નહી તે અંગે ચર્ચા કરવી મહત્વની બની રહે છે. જે સંબંધે હાલની અરજીનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા માટે એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ એક્ટ, ૧૯૪૮ ની કલમ-૨ (૧૪), કલમ-૫૩ તથા કલમ-૬૧ નો ઉલ્લેખ કરવો જરૂરી હોય જે નીચે મુજબ છે.

**Section:2(14) "Insured person"** means a person who is or was an employee in respect of whom contribution are or were payable under this Act and who is by reason thereof, entitled to any of the benefits provided by this Act;

**Section:53 Bar against receiving or recovery of compensation or damages under any other law** : An insured person or his dependents shall not be entitled to receive or recover, whether from the employer of the insured person or from any other person, any compensation or damages under the Workmen's Compensation Act, 1923 (8 of 1923), or any other law for time being in force or otherwise, in respect of an employment injury sustained by the insured person as an employee under this Act.

**Section:61 Bar of benefits under other enactments** : When a person is entitled to any of the benefits provided by this Act, he shall not be entitled to receive any similar benefit admissible under the provisions of any other enactment.

આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ લક્ષમાં લેતાં જો કોઈ કામદાર ઈન્સ્યુર્ડ હોય અને નોકરી દરમ્યાન ઈજા થયેલ હોય તો વર્કમેન કોમ્પનસેશન એક્ટ, ૧૯૨૩ મુજબ વળતર મેળવી શકે નહીં અને કામદારે એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ એક્ટની જોગવાઈઓ મુજબની કાર્યવાહી કરવી પડે. આમ, ઉપરોકત હકીકતો સંબંધે આ કામના સામાવાળા સંસ્થા એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ એક્ટ મુજબ રજિસ્ટર્ડ થયેલ છે કે કેમ? અને હાલનો કામદારનો સદર કાયદાની કલમ-૨(૧૪) માં આપવામાં આવેલ વ્યાખ્યામાં સમાવેશ થાય છે કે કેમ? તેની ચર્ચા કરવી જરૂરી છે. હવે સામાવાળાએ તેમની તકરારના સમર્થનમાં આંક-૧૦/૧ થી સામાવાળા ઈ.એસ.આઈ. હેઠળ નોંધાયેલ હોવા અંગે નોંધણી નંબરવાળા સર્ટીફીકેટની નકલ રજુ કરેલ છે જે જોતા સામાવાળાને એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ કોર્પોરેશન તરફથી તા.૩૧/૦૮/૨૦૨૧ ના રોજ પત્ર દ્વારા ઈ.એસ.આઈ એક્ટની અમલવારી તથા તે હેઠળ કામદારોનુ રજીસ્ટ્રેશન કરાવવા અંગે જાણ કરેલ છે તથા સદર પત્રમાં સામાવાળાને કોડ નં.૩૭૦૦૧૨૫૮૭૧૦૦૦૦૪૦૬ ફાળવવામાં આવેલ હોવાનુ જણાઈ આવે છે. આમ,ઉપરોકત સામાવાળા તરફે રજુ દસ્તાવેજો લક્ષમાં

લેતાં, સામાવાળા સંસ્થાને એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટની જોગવાઈઓ લાગુ પડે છે. આ કામના ગુજરનાર ગોવિંદભાઈ સામાવાળા સંસ્થાના કામદાર હતા તે સબંધે સામાવાળા ધ્વારા તેઓના આંક-૯ ના વાંધા જવાબમાં ગુજરનાર તેઓને ત્યાં કોન્ટ્રાકટરશ્રી લીલુ હરદાસ પરમાર (વચ્છરાજ એન્જિનયરીંગ) ના કામદાર હોવાનુ અને તેઓને પાર્ટી તરીકે જોડેલ ન હોવાની તકરાર લીધેલ છે. જે સંબંધે અરજદારની આંક-૧ ની અરજી અને હાલની અરજીમાં સામાવાળાનુ નામ ધ્યાને લેતા તેમા યુનિટ સિમેન્ટ પ્રા.લી. જણાવેલ છે જે સંબંધે સામાવાળાએ આંક-૯ થી મુળ અરજીનો જવાબ રજુ કરેલ છે તેમની કંપનીના નામ સબંધે ખુલાસો કરી હકીકત જણાવેલ છે કે, યુનિટી સિમેન્ટ એ તેમની પ્રોડકટની બ્રાન્ડ છે તેમની સંસ્થાનુ નામ પીએમસી સિમેન્ટ પ્રા. લી. છે. આમ, આ હકીકત સબંધે પણ અરજદાર ધ્વારા પક્ષકારમાં સામાવાળા સાચા નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી તે હકીકત ધ્યાને રાખીને રેકર્ડ ઉપરની સામાવાળા ધ્વારા રજુ થયેલ નિ.૧૦/૧ થી ઈ.એસ.આઈ. કાયદા હેઠળનુ રજીસ્ટ્રેશન રજુ કરેલ છે તે ધ્યાને લેતા સામાવાળાની સંસ્થા કે જેનુ મુળ નામ પીએમસી સિમેન્ટ પ્રા.લી. છે તે સદર કાયદા હેઠળ નોંધાયેલ હોવાનુ માનવાને પુરતુ કારણ રહે છે. વધુમાં સામાવાળા ધ્વારા તેના જવાબમાં લીધેલ તકરાર મુજબ જો ગુજરનાર ગોવિંદભાઈ બચુભાઈ વાઢેરએ કોન્ટ્રાકટર શ્રી લીલુ હરદાસ પરમારના કામદાર હોવાનુ જણાવેલ છે જે કોન્ટ્રાકટરને પણ સદર કામે પક્ષકાર તરીકે જોડેલ નથી. આ હકીકત ધ્યાને રાખતા પણ અરજદારની આંક-૧ ની અરજી અને હાલની અરજી વંચાણે લેતા, અરજદાર સ્વયંમ સામાવાળાની કંપનીમાં હેલ્પર તરીકેનુ કામ કરતા હોવાનુ જણાવે છે જે સબંધે તેઓ ધ્વારા કોઈ આધારભુત પુરાવા રજુ કરવામાં આવેલ નથી. તેમ છતા અરજદારની સદર હકીકત માની લેવામાં આવે કે તેઓ સામાવાળાની કંપનીમાં કામદાર હતા તો સામાવાળાની કંપનીએ ઈ.એસ.આઈ કાયદા હેઠળ રજુ કરેલ નિ.૧૦/૧ મુજબ નોંધાયેલ હોય અરજદારને સદર કાયદો સંપુર્ણપણે લાગુ પડતો હોવાનુ માનવાને કારણ રહે છે.

આમ, જયારે અરજદારના કહેવા મુજબ તેઓ સામાવાળા કામદાર હોવાનુ માનવામાં આવેલ છે ત્યારે નામદાર સુપ્રીમ કોર્ટના એ.આઈ.આર. ૨૦૦૯ એસ.સી. પેજ નં.૨૫૯૯ ઉપર પ્રસિધ્ધ થયેલ નેશનલ ઈન્સ્યુરન્સ કંપની લી. વિ. હમિદા ખાતુનના ચુકાદાના પેરા-૧૨

હાલના કેસનો ગુણદોષ ઉપર નિર્ણય કરવા જરૂરી છે જે નીચે મુજબ રી પ્રોડયુસ કરેલ છે.

12. In this background and context we have to consider the effect of the bar created by Section 53 of the ESI Act. Bar is against receiving or recovering any compensation or damages under the Workmen's Compensation Act or any other law for the time being in force of otherwise in respect of an employment injury. The bar is absolute as can be seen from the use of the words shall not be entitled to receive or recover, " whether from the employer of the insured person or from any other person" , " any compensation or damages" and " under the Workmen's Compensation Act, 1923 ( 8 of 1923), or any other law for the time being in force or otherwise". The words " employed by the legislature " are clear and unequivocal. When such a bar is created in clear and express terms it would neither be permissible nor proper to infer a diffrent intention by referring to the previous history of the legislation. That would amount to bypassing the bar and defeating the object of the provision. In view of the clear language of the section we find no justification in interpreting of construing it as not taking away the right of the workman who is an insured preson and an employee under the ESI act to claim Compensation under the Workmen's Compensation Act. We are of the opinion that the High Court was right in holding that in view of the bar created by section 53 the application for compensation filed by the appllant under the Workmen's Comprensation Act was not maintainable.

ઉપરોકત નામદાર સુપ્રીમ કોર્ટના જજમેન્ટમાં પ્રસ્થાપિત કરેલા સિધ્ધાંતો લક્ષમાં લેતાં હાલની કર્મચારી વળતર અધિનિયમની જોગવાઈઓ મુજબની આ અરજી ટકવા પાત્ર નથી. વધુમાં ૧૯૯૬ (૦) એ.આઈ.જે.ઈ.એલ. એસ.સી. પેજ નં.૨૪૪ ઉપર પ્રસિઘ્ઘ થયેલ એ. ટ્રેહન વિ. એસોસીયેટેડ ઈલેકટ્રીકલ એજન્સી તથા ૧૯૯૭ એ.આઈ.જે. ઈ.એલ. એસ.સી. ૩૪૬૧૯ વેસ્ટર્ન ઈન્ડીયા પ્લાયવુડ ઈન્ડીયા લી. વિ. પી. અશોકન તથા ૨૦૧૫ એ.આઈ.આર. એસ.સી.ડબ્લ્યુ. પેજ નં.૩૩૭૩ ઉપર પ્રસિઘ્ઘ થયેલ ઘોપડાભાઈ વિ. ટેકનોક્રાફટના ચુકાદામાં પણ આ જ સિઘ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે તેવીજ રીતે નામ.ગુજરાત હાઈકોર્ટના ફર્સ્ટ અપીલ નં.૧૬૦૮/૨૦૦૪ તા.૨/૯/૨૦૦૮ ના ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંપની લી. વિ. શ્રીમતી રામુબેન ભોલારામના ચુકાદામાં સામાવાળા સંસ્થાનું ઈ.એસ.આઈ. નું રજીસ્ટ્રેશન થયેલ હતુ તેથી નામ. ગુજરાત હાઈકોર્ટે ઈ.એસ.આઈ. એકટની કલમ–૫૩ નો બાધ નડે અને વર્કમેન કોમ્પનસેશન એકટ હેઠળની અરજી ચાલી શકે નહીં તેવુ પ્રસ્થાપિત કરેલ છે. સદર ચુકાદો સામાવાળા ઘ્વારા દલીલમાં પણ રજુ કરવામાં આવેલ છે.

હાલના કામે પણ સામાવાળા સંસ્થાની ઈ.એસ.આઈ.ની નોંધણી થયેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે. આવા સંજોગોમાં અરજદારની વર્કમેન કોમ્પેન્સેશન એકટ હેઠળની અરજી ચાલવા પાત્ર નથી. અરજદાર તરફે તેમની દલીલોમાં ઈ.એસ.આઈ. એકટની જોગવાઈઓ લાગુ પડતી ન હોવાની વિસ્તૃત દલીલો કરેલ છે પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ટકવાપાત્ર નથી. આમ, અરજદારો તરફે એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટની કલમ–પ૩ ની જોગવાઈનો બાધ નડતો ન હોવાની દલીલો ઉપરોકત ચર્ચા કર્યા મુજબ માનવા પાત્ર જણાતી નથી. આમ ઉપરોકત તમામ હકીકતોએ ચર્ચા કર્યા મુજબ અરજદારોની હાલની કર્મચારી વળતર અધિનિયમ, ૧૯૨૩ ની અરજીને એમ્પ્લોઈ સ્ટેટ ઈન્સ્યુરન્સ એકટ, ૧૯૪૮ ની કલમ–પ૩ નો બાદ નડતો હોય ચાલવા પાત્ર ન હોય જેથી અરજદારો સામાવાળા પાસેથી કોઈ પણ જાતના વળતર મેળવવા જવાબદાર થતાં નથી જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુકમ ઃ–**

(૧) આથી સામાવાળા ની આંક–૧૧ ની અરજી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના સામાવાળા સંસ્થાને એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એકટની જોગવાઈઓ લાગુ પડતી હોય જેથી અરજદારોનો હાલનો વ.કો.ફેટલ કેસ આથી રદ કરવામાં આવે છે.

(૨) અરજીના સંજોગો લક્ષમાં લેતા ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૩) રજિસ્ટ્રીએ આ હુકમની જાણ આ કેસના તમામ પક્ષકારોને કરવી.

હુકમ આજરોજ તા.૬ ઠ્ઠી માહે.ઓગષ્ટ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૦૬/૦૮/૨૦૨૬

**(જે. એસ. જાદવ)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ
એન્ડ જજ (જુ.ડી.) લેબર કોર્ટ,
જુનાગઢ. (૦૧૪૨૪)